# ઇસ્લામ, જેહાદ, શહીદી, અને કુર્‌આનનાં ધાર્મિક અર્થઘટનો

(અહીં સૉક્રેટિસ અને એક આરબ આતંકવાદી વચ્ચે સ્વર્ગમાં થતા એક સંવાદની કલ્પના કરવામાં આવી છે, જેમાં ઇસ્લામ, જેહાદ, શહીદી, અને કુર્‌આન (કુરાન)નાં ધાર્મિક અર્થઘટનો વિશે ચર્ચા થાય છે. આતંકવાદી પોતાની શહીદીને ઇસ્લામના રક્ષા માટે યોગ્ય ઠેરવે છે, જ્યારે સૉક્રેટિસ હિંસા, સત્યની શોધ, અને ધાર્મિક વિવિધતાના દાર્શનિક પ્રશ્નો દ્વારા તેની માન્યતાઓને પડકારે છે. આ સંવાદ દ્વારા સૉક્રેટિસ આતંકવાદીને હિંસાની નિરર્થકતા અને બહુસાંસ્કૃતિક સમાજની યથાર્થતા સમજાવે છે. આમ તો ઇસ્લામનો અર્થ થાય છેઃ ભગવાનની ઇચ્છાને આધીન થઈને વ્યક્તિગત તથા સામાજિક શાંતિ અને સુખાકારી તરફ દોરી જતો જીવનનો એક તરીકો, પરંતુ વર્તમાન સમયમાં, જ્યારે ભારત સહિત ઘણા દેશોમાં, આતંકવાદી વિચારો ધરાવતા સમૂહો કુર્‌આનની કેટલીક વિશેષ આયાતો પસંદ કરીને તથા તેમનું સગવડિયું અર્થઘટન કરીને યુવા પેઢીનું બ્રેઇન વૉશ કરે છે અને તેમને કટ્ટરપંથી બનાવવાની મુહિમ ચલાવે છે ત્યારે, આ પ્રકારની તાર્કિક ચર્ચા આવા તરુણોને જુદી જ રીતે વિચારવાની પ્રેરણા આપવા માટે ઉપયોગી થઈ પડશે.)

*પાર્શ્વભૂમિઃ સ્વર્ગના શાંત પ્રાંગણમાં, સૉક્રેટિસ પોતાની આદત મુજબ ટહેલતાં ટહેલતાં એક નયનરમ્ય બગીચામાં પહોંચી જાય છે. ત્યાં તેઓ એક ઘટાદાર વૃક્ષ નીચે બેઠેલી ચિંતામગ્ન વ્યક્તિને જુએ છે. અને તેની સાથે વાતચીત શરૂ કરે છે.*

સૉક્રેટિસઃ મિત્ર! તમે અસ્વસ્થ લાગો છો. શું તકલીફ છે તમને?

આતંકવાદીઃ (દેખીતી રીતે અસ્વસ્થ) મને કહેવામાં આવ્યું હતું કે મારી શહીદીને કારણે જન્નતમાં તો મને હૂરોની એટલે કે મનમોહક પરીઓની અને અપ્સરાઓની સોબત મળશે.[1] પણ, અહીં તો

1 *કુર્‌આનમાં હૂરને મનમોહક આંખોવાળી, ગૌરવર્ણી, આકર્ષક, નિષ્કલંક, અને અક્ષત લલના તરીકે વર્ણવવામાં આવી છે. અને એવું કહેવામાં આવ્યું છે કે આવી સુંદરીઓ મુસ્લિમોને તેમની ધર્મનિષ્ઠા*

એવું કશું નથી. અને તમે કોણ છો? તમે તો કોઈ દેવદૂત જેવા રૂપાળા નથી લાગતા.

સૉક્રેટિસઃ હું સૉક્રેટિસ છું, સત્યનો નમ્ર શોધક. સત્યની ખોજ માટે મને મૃત્યુદંડની સજા મળી હતી. અને તમે?

આતંકવાદીઃ હું અલ્લાહનો બંદો છું. ઇસ્લામ અને અલ્લાહના કાયદા શરિયાની રક્ષા માટે મેં મારું જીવન જેહાદ થકી અલ્લાહને સમર્પિત કર્યું હતું, શહીદી વહોરી હતી.

સૉક્રેટિસઃ મિત્ર, ઇસ્લામમમાં એવું તે શું છે કે તેની રક્ષા માટે તમે શહીદી વહોરી હતી? તમને એવું કેમ લાગે છે કે શરિયા પ્રમાણે જ જીવવું જોઈએ?

આતંકવાદીઃ ઇસ્લામ એ જ એક સાચો ધર્મ છે. અને શરિયા માનવતાને માર્ગદર્શન આપવા માટે અલ્લાહ દ્વારા આપવામાં આવેલ કાયદો છે. તે જીવનનો એક અવ્વલ તરીકો છે. અને જેઓ તેનો વિરોધ કરે છે તેઓ બે-ખબર, બે-ઇલમ છે– અજ્ઞાની છે. તેઓ ગલતી કરે છે. અમારું કુર્આન કહે છે કે જેઓ અલ્લાહ અને કયામત પર વિશ્વાસ નથી કરતા, અલ્લાહ અને તેના રસૂલે આપેલા આદેશોને નથી માનતા, જેઓ સત્યનો ધર્મ એટલે કે સાચો માર્ગ અપનાવતા નથી, તેવા કાફિરો ઇસ્લામને આધીન ન થાય ત્યાં સુધી તેમની સામે લડો.[2]

સૉક્રેટિસઃ મિત્ર, 'સાચો માર્ગ' એટલે શું?

---

*માટે સ્વર્ગમાં ખાસ પુરસ્કાર તરીકે મળે છે (કુર્આનઃ 38:52; 44:51-54; 52:17-20; 55:56-58,70-74; 56:22-24, 35-37)*

2 *કુર્આન કહે છે કે અન્ય લોકોને નૈતિક બનાવવા માટે ઇસ્લામના ઉપદેશો ફેલાવવાની મુસ્લિમોની ધાર્મિક જવાબદારી છે (કુર્આન, 3: 104,110; 5:67; 9:29, 12:108; 16:125; 18:29; 33:45-46; 41:33). જો કે, તે કહે છે કે ઇસ્લામની સ્વીકૃતિ કે અસ્વીકૃતિ એ કોઈ પણ વ્યક્તિની મુનસફી પર આધાર રાખે છે (કુર્આન, 2:256, 10:99, 18:29), પરંતુ વિવિધ ઇસ્લામિક વિદ્વાનો અને સમુદાયો કુર્આનનું અર્થઘટન જુદી જુદી રીતે કરી શકે છે. તેથી કેટલાક મુસલમાનો વધુ સક્રિય રીતે તેમના ધર્મને ફેલાવવાના મહત્ત્વ પર ભાર મૂકે છે. તદ્ઉપરાંત, જે મુસલમાનો તેમના ધર્મ પ્રત્યે કટ્ટર આસ્થા ધરાવતા હોય તેઓ તેમના ધર્મને અપનાવવા ક્યારેક બીજા લોકો પર જબરદસ્તી પણ કરી શકે છે. જો કે, એ નોંધવું જરૂરી છે કે કુર્આન તેના મુખ્ય ઉપદેશોનો પ્રસાર શાંતિ પૂર્ણ અને આદર પૂર્વક કરવાની હિમાયત કરે છે. સામાન્ય રીતે મુખ્ય ધારાના ઇસ્લામ દ્વારા બળજબરી સમર્થિત નથી.*

આતંકવાદીઃ સાચો માર્ગ એટલે ન્યાયનો માર્ગ, ઇસ્લામનો માર્ગ. જેઓ તેને અનુસરતા નથી તેઓ કાફીર છે, અપરાધી છે. તેઓ અનંત કાળ સુધી જહન્નમમાં સબડશે.

સૉક્રેટિસઃ તમે કયા આધારે કહો છો કે ઇસ્લામ જ એકમાત્ર સાચો ધર્મ છે?

આતંકવાદીઃ તે અલ્લાહનો સંદેશ છે, જે પયગંબર મુહમ્મદને કહ્યો છે. તેથી તે પરમ સત્ય છે.

સૉક્રેટિસઃ અચ્છા, ઇસ્લામ એ ભગવાનનો સંદેશ છે, પરંતુ આપણે કેવી રીતે ખાતરી કરી શકીએ કે આ ચોક્કસ સંદેશ જ સાચો સંદેશ છે? તેમ છતાં, માની લો કે તમારી વાત સાચી છે. અને જો તમારી વાત ખરેખર સાચી હોય તો તેની રક્ષા માટે તમે કેમ મોતને પસંદ કર્યું?

આતંકવાદીઃ સૉક્રેટિસ, હું ઇસ્લામનો સિપાહી છું. મેં ઇસ્લામ માટે મારા જીવનની કુરબાની આપી છે. કુર્આન અમને જેહાદ... જેહાદ, એટલે પવિત્ર યુદ્ધ દ્વારા અલ્લાહના માર્ગ માટે લડવાનો આદેશ આપે છે.[3] જ્યારે ઇસ્લામ ખતરામાં હોય ત્યારે અમને શહીદ થઈને પણ ઇસ્લામનો બચાવ કરવા માટે કહેવામાં આવે છે. શહીદી એ સર્વોચ્ચ સન્માન છે. શહીદો એવા હીરો છે જેમણે અલ્લાહની ખાતર પોતાનો જીવ આપ્યો છે. શહીદોને જન્નતમાં અવ્વલ દરજ્જો મળે છે અને તેમને હુરોની સોબત મળે છે. તેમના બલિદાન માટે આ કીમતી બક્ષિસ છે.

સૉક્રેટિસઃ જેહાદ? અને તમે કહો છો કે 'જેહાદ' એટલે પવિત્ર યુદ્ધ. શું તમારો મતલબ એ છે કે જેહાદ એટલે સત્ય માટેનો, એટલે કે જે અલ્લાહનો માર્ગ છે તે માટેનો સંઘર્ષ?

આતંકવાદીઃ હા, મારી લડાઈ સત્યનો વિરોધ કરનારાઓ સામે હતી. મારા

---

3 *ઇસ્લામમાં જેહાદની વિભાવનાનું જુદું જુદું અર્થઘટન કરી શકાય છે. જો કે તેનો વ્યાપક અર્થ 'સંઘર્ષ' અથવા 'પ્રયાસ કરવો' એવો થાય છે, જે વ્યક્તિગત અથવા આત્મ સુધારણા જેવા આધ્યાત્મિક હેતુ માટે હોઈ શકે છે. અને અમુક સંજોગોમાં જેહાદમાં સશસ્ત્ર સંઘર્ષનો પણ સમાવેશ થાય છે (કુર્આન, 2:190-193, 8:39, 9:5,9:29).*

ધર્મના દુશ્મનો સામેનું યુદ્ધ હતું.

સૉક્રેટિસઃ પણ સત્ય માટે લડાઈ-ઝઘડા કરવાની શી જરૂર?

આતંકવાદીઃ કાફિરોને મારા ધર્મની તાકાત બતાવવા માટે. તેમને ન્યાય અને સત્ય સામે ઝુકાવવા માટે. હું કાફિરોને બતાવવા માગતો હતો કે તેઓ બહેકાવામાં છે, પથભ્રષ્ટ છે.

સૉક્રેટિસઃ પણ આવી લડાઈ જોખમભરી નથી હોતી?

આતંકવાદીઃ હા, તેથી તો હું શહીદ થયો. મેં અલ્લાહની ખાતર મારા જીવનનું બલિદાન આપ્યું છે.

સૉક્રેટિસઃ ચાલો બલિદાનની વાત કરીએ. તમે કહો છો કે શહીદી એ બલિદાનનું ઉમદા સ્વરૂપ છે, પણ મને કહો કે, કષ્ટો વેઠીને પણ ન્યાય, સદાચાર, ધૈર્ય, અને સહનશીલતાથી નૈતિક જીવન જીવવા કરતાં પણ મોટું કોઈ બલિદાન હોઈ શકે છે?

આતંકવાદીઃ એ સાચું છે કે સદાચારી અને નૈતિક જીવન જીવવું આસાન નથી, પરંતુ શહાદત એ અમારા મજહબ પરના અમારા યકીનનો પુરાવો છે. તે ઇસ્લામની હિફાજત કરવાનો માર્ગ છે. તેથી જ શહાદતને ઇજ્જત આપવામાં આવે છે.

સૉક્રેટિસઃ ઓહ, તો તમે માનો છો કે તમારા જીવનનો ત્યાગ એ જ તમારી ધાર્મિક શ્રદ્ધાનો અંતિમ પુરાવો છે. તો પણ, શું સાચી શ્રદ્ધાની કસોટી સહન કરવામાં, દયા બતાવવામાં, ક્રોધ પર કાબૂ મેળવવામાં અને બીજા લોકોને મદદ કરવામાં નથી?

આતંકવાદીઃ હા, પણ ક્યારેક આપણે જે સાચું છે તેના માટે લડવું જોઈએ.

સૉક્રેટિસઃ પણ મને કહો, મારા મિત્ર, શું એ પણ સાચું નથી કે ઇસ્લામ શાંતિ, દયા અને નિર્દોષોના રક્ષણને મહત્ત્વ આપે છે?[4]

આતંકવાદીઃ હા, એ વાત તો સાચી છે, પણ કાફિરો સમજે તો ને?

---

4 *કુર્આન વિવિધ સમુદાયો વચ્ચેની સંવાદિતાને આવકારે છે (કુર્આન, 8:61, 49:13). તથા કરુણા, દયા, અને ખાસ કરીને નબળા અને જરૂરિયાતમંદ લોકો માટે કાળજી રાખવા પર ભાર મૂકે છે (કુર્આન રાન, 4:36, 21:107). તદુપરાંત, કુર્આન માનવ જીવનને મહત્ત્વનું ગણે છે (કુર્આન, 5:32, 17:33).*

સૉક્રેટિસઃ શું કોઈ પણ હેતુ માટે જીવનનું બલિદાન આપવું જરૂરી છે? શું માનવ જીવનનું કોઈ મૂલ્ય નથી? તમારો ધર્મ મનુષ્યના જીવનને કીમતી નથી ગણતો?

આતંકવાદીઃ ઇસ્લામ માને છે કે જીવન એ અલ્લાહ તરફથી મળેલી પવિત્ર બક્ષિસ છે. અને આપણે અલ્લાહની મરજી મુજબ જીવવું જોઈએ.[5]

સૉક્રેટિસઃ પરંતુ જો જીવન પવિત્ર છે, તો પછી તમારા પવિત્ર જીવનનો અંત શા માટે કર્યો? તેને આત્મહત્યા ન કહેવાય? અને ઇસ્લામ તો આત્મહત્યાની મનાઈ કરે છે.

આતંકવાદીઃ ના, સૉક્રેટિસ. મેં જે કર્યું તે ખુદકુશી નથી; તે શહીદી છે. મેં નિરાશાથી મોત કબૂલ નથી કર્યું. મેં ઇસ્લામની ખિદમત માટે, એક ઉમદા હેતુ માટે મારું જીવન સમર્પિત કર્યું છે.

સૉક્રેટિસઃ તેમ છતાં, જો કોઈ વ્યક્તિ કોઈ પણ ઉમદા હેતુ માટે પોતાના જીવનનું બલિદાન આપે તો પણ અંતે તો તેણે પોતાના જીવનનો સ્વેચ્છાએ અંત આણ્યો તેમ ન કહેવાય?

આતંકવાદીઃ સૉક્રેટિસ, તમે કેમ સમજતા નથી કે ખુદકુશી અને શહીદી બે અલગ બાબતો છે. ખુદકુશી એ એક ખુદગર્જનું કામ છે. જેઓ ખુદકુશી કરે છે તેઓ જીવનની કસોટીઓમાંથી ભાગી રહ્યા છે. ખુદકુશી એ તો કાયરતાની નિશાની છે, પણ શહાદત એ ખુદકુશી નથી, તે કંઈક વધુ ઉમદા ઇરાદા માટે પોતાના જીવનનું બલિદાન છે, સન્માન અને સ્વર્ગનો માર્ગ છે.

સૉક્રેટિસઃ હું તમે બતાવેલો ભેદ સમજી શકું છું, પરંતુ કોઈ પણ કારણ સર પોતાનું જીવન સમાપ્ત કરવું એ અલ્લાહે તમને આપેલી પવિત્ર ભેટનો ઇનકાર નથી? જો જીવન અલ્લાહ તરફથી મળેલી એક અમૂલ્ય ભેટ છે, તો શું તમે તેને સમાપ્ત કરવાનું પસંદ કરીને અલ્લાહનો ભરોસો નથી તોડતા? વિશ્વાસઘાત નથી કરતા?

---

*5 કુર્આન અલ્લાહના બંદાઓને સારા બનવા પર ભાર મૂકે છે અને પોતાનો જીવ લેવાનો નિષેધ કરે છે (કુર્આન, 2:195, 4:29).*